જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૫૦/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | ૦ | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | ૦ | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | ૦ | ૫૦ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૩૪ | ૬ | ૧૫૨૪૦ | ૧૬૦૬૦ | ૮ | ૧૬૦૬૮ |
| | કુલ | ૩૦૩૦૮ | ૬ | ૩૦૩૧૪ | ૩૮૯૫૫ | ૮ | ૩૮૯૬૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૦ | ૧૦,૬૦,૭૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૯૭ | ૧૩,૯૭,૦૦૦/- |

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**આનંદનગર પોલીસ સ્ટેશન :**

## આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂની મહેફીલ માણતા ઇસમોની ઝડપી પાડતી આનંદનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીઝન નાઓએ તરફથી પ્રોહી –જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવાની સુચના કરેલ હોય જેથી પ્રોહી –જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા પેટ્રોલીગમાં હતા આ દરમ્યાન મે નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ અ"વાદ શહેર નાઓને અંગત બાતમી હકીકત મળેલ કે એક ઇસમ નામે નિરવ રાયચુરા આનંદનગર રમાડા હોટલની સામે સફલ પ્રોફીટેર બીલ્ડીગમાં આવેલ ઓફીસ નંબર સી/૨માં બહારથી માણસો બોલાવી દારૂની મહેફીલ માણે છે તેવી બાતમી આધારે એસ.જે.બલોચ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર આનંદનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇન્સ.કે.બી.મીર તથા સર્વેલન્સ સ્કોર્ડના માણસોએ બીજા અન્ય સ્ટાફના માણસો સાથે ગુનાવાળી જગ્યાનીએ રેઇડ કરતા સદર બાતમીવાળી જગ્યાએ (૧) નિરવ હર્ષદભાઇ હરીદાસ રાયચુરા (ઠક્કર) ઉ.વ.૩૮ રહેવાસી-મકાન નંબર-૩૩, રીવેરા ગ્રીન્સ, ગોકુલધામ, શાંતીપુરા સર્કલ પાસે, સરખેજ, સાણંદ હાઇવે તથા (૨) સંતોષ સોંડાભાઇ નોંગાભાઇ ચોસલા (ભરવાડ) ઉ.વ.૪૪, રહેવાસી-સી/૮૦૪, ગાલા સ્વિંગ સોબો સેન્ટર પાસે, સાઉથ બોપલ,અમદાવાદ (૩)રાહુલ સ/ઓ ધરમશીભાઇ ભોપાભાઇ પુરબીયા ઉ.વ.૨૭ રહેવાસી-મકાન નંબર- ૧૬, કર્ણાવતીનગર ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન પીનાકલ બીઝનેશ પાર્કની સામે, આનંદનગર, અમદાવાદ શહેર નાઓ સદર ઓફીસમાંથી દારૂ ભરેલ કાચની બોટલો નંગ-૩ તથા કાચના બે દારૂ ભરેલ ગ્લાસમાં તથા એક સોડાની બોટલ તથા કાચની અલગ અલગ બ્રાંડની દારૂની ખાલી કાચની બોટલ નંગ-૧૧ તથા એક હુકો તથા ફલેવરવાળી તમાકુનુ બોક્ષ તથા ૧૦૦ ગ્રામ જેટલો કોલશો તથા એક લાકડાના હાથાવાળુ ચપ્પુ તથા ધાતુના હાથાવાળો છરો તથા એપલ કંપનીના મો.ફોન નંગ-૪ તથા એક વીવો કંપનીનો મો.ફોન નંગ-૧ તથા બે ડાયરીઓ તથા એક લેપટોપ તથા ૭૮૦ગ્રામ સોનાના દાગીના મળી કુલ્લે કીરૂ ૩૯,૨૫,૫૫૦/-નો મુદ્દામાલ મળી આવેલ હોય જેથી સદરી ઇસમો વિરુધ્ધ નીચે મુજબના ગુના દાખલ કરવામા આવેલ છે.

(૧) પ્રોહી ગુરનં ૧૧૧૯૧૦૦૧૨૦૦૬૯૩/૨૦૨૦ પ્રોહી કલમ-૬૫(એ)(ઇ),૬૬(૧) (બી),૬૮, ૭૫(સી), ૮૧, ૮૩, ૮૬,૧૧૬(બી) ૧૧૬(સી)

(૨)ગુરનં ૧૧૧૯૧૦૦૧૨૦૦૬૯૫/૨૦૨૦ જી.પી.એક્ટ કલમ-૧૩૫,૧૧૪

(૩)આરોપી નં(૧) નિરવ રાયચુરા વિરુધ્ધ ગુરનં ૧૧૧૯૧૦૦૧૨૦૦૬૯૪/૨૦૨૦ જુગાર ધારા કલમ ૪,૫

## પી.સી.બી. :

## દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ ગોડાઉન માથી  વિદેશી દારૂની બોટલો નંગ-૬૦૭૨ (પેટી નંગ-૫૦૬) કિંમત રૂ.૩૦,૩૬,૦૦૦/- સાથે કુલ્લે રૂપિયા ૩૧,૦૯,૧૨૦/- ના મુદામાલ સાથે ત્રણ આરોપીઓ ને ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.ઈન્સ.શ્રી એ.ડી.ચાવડાનાઆઓ તા.૨૭.૧૦.૨૦૨૦ ના રોજ સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ, અહેકો જામસિહ રણુભા, અ.હેડ.કોન્સ. મહેન્દ્ર વાસુદેવભાઇ અ.હેડ.કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ અ.હેડ.કોન્સ. દીપનારાયણ રાજનારાયણ અ.હેડ.કોન્સ. યોગેન્દ્રસિંહ હઠીસિંહ અ.હેડ.કોન્સ. મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ વિગેરે માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મહેન્દ્ર વાસુદેવ તથા અહેકો ચેતનસિહ નટવરસિહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે દાણીલીમડા વિસ્તારમા આવેલ ગોડાઉન નં.એ/૧૧ અલ કુબા એસ્ટેટ કોઝી હોટલ પાછળ દાણીલીમડા અમદાવાદ ખાતેથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૬૦૭૨ (પેટી નંગ ૫૦૬) કિ.રૂ.૩૦૬૦૦૦૦/ તથા અન્ય મુદામાલ મળી  કુલ્લે કિ.રૂ.૩૧,૦૯,૨૬૦/- સાથે ત્રણ આરોપીઓ ને પક્ડી લઈ તથા અન્ય ૧ ઈસમ ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી દાણીલીમડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૨૨૦૧૨૭૭/ ૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી) ૬૫(એ)(ઈ) ૧૧૬બી)૯૮(૨) ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**વોન્ટેડ આરોપી:** ઇલીયાસ જૈનુલઆબેદ્દીન સૈયદ રહે. મ.નં.૨૦૨, અફઝલ ટાવર, સંકલીતનગર પાસે, જુહાપુરા, અમદાવાદ શહેર

**ગુનાની જગ્યા :** ગોડાઉન નં.એ/૧૧, અલ કુબા એસ્ટેટ, કોઝી હોટલ પાછળ, દાણીલીમડા, અમદાવાદ ખાતેથી

**પકડાયેલ મુદામાલ :** (૧) ૭૫૦ મીલી પરપ્રાંતનો જુદી-જુદી બ્રાન્ડનો વિદેશી દારૂ ભરેલ કાચની સીલબંધ બોટલ નંગ-૬૦૭૨ (પેટી નંગ-૫૦૬) કિંમત રૂ.૩૦,૩૬,૦૦૦/-(૨) મોબાઇલ ફોન નંગ-૪ કિંમત રૂ.૧૩,૫૦૦/- (૩) રોકડા નાંણા રૂ.૯,૬૨૦/- (૪) સુઝુકી એક્સેસ નં.GJ-27-CJ-8106 કિંમત રૂ.૫૦,૦૦૦/- મળી કુલ્લે કિંમત રૂ.૩૧,૦૯,૧૨૦/- ની મતાનો મુદામાલ

**પકડાયેલ આરોપીઓ :** (૧) ઇસ્તીયાક જૈનુલઆબેદ્દીન સૈયદ ઉ.વ.૩૬, રહે. મ.નં.૬, શીરીન પાર્ક, મસ્તાન મસ્જીદની પાછળ, ફતેવાડી, અમદાવાદ શહેર (૨) વિવેક સુરેશકુમાર સંઘાણી ઉ.વ.૩૫, રહે. બી/૧૩, સત્કાર એપાર્ટમેન્ટ, સમભાવ પ્રેસ પાસે, જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ શહેર (૩) મુસ્તાક ગુલારસુલ શેખ ઉ.વ.૨૮, રહે. ઘર નં.૩૯૬, લખોટા પોળ, ચારવાડ, દરીયાપુર, અમદાવાદ શહેર





## નારોલ પોલીસ સ્ટેશન :

**ભારતીય બનાવટના વિદેશીદારુ (IMFL) ની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી કાચની સીલબંધ બોટલ નંગ-૧૬૪૪ કિ.રૂ.૩,૨૧,૬૦૦/- ની મત્તાનો વિદેશીદારુના જથ્થા સાથે એક આરોપીને પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ**

મે.સંજય શ્રીવાસ્તવ સાહેબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ગૌતમ પરમાર સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા એ.એમ.મુનીયા સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મિલાપ પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન અમદાવાદ શહેરનાઓ તરફથી પ્રોહીબીશનની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા સારુ અવારનવાર મળતી સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં અગામી દિવાળીના તહેવાર સબંધે પ્રોહી તથા જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા આપેલ સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ સર્વેલન્સ સ્કોડ વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી સાહેબ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના અ.પો.કો.દીપેનકુમાર મનુભાઈ તથા અ.પો.કો.રામનરેશ રામદાસ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે “ નારોલ રંગોલીનગરની અંદર વૃંદાવન સોસાયટીની સામે આવેલ એક કાળા કલરના દરવાજાવાળા પસ્તીના ગોડાઉનમાં કેટલોક ભારતીય બનાવટનો વિદેશીદારુનો જથ્થો બહારથી લાવી વેચાણ કરવા સારૂ સંતાડી મુકી રાખેલ છે ” જે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચો રૂબરૂ રેઈડ કરતાં આરોપી અમૃતકુમાર ચુન્નીલાલ જાતે ખટીક ઉ.વ.૨૦ ધંધો.છુટક મજુરીકામ રહે.મ.નં.૫ વૃંદાવન સોસાયટી રંગોલીનગર અંદર નારોલ અમદાવાદ શહેર મુળ વતન- મ.નં.૨૪૬ રાજપુત બસ્તી ઉમરી મજરાતેલી કાલબેલીયા કાખેડા ગામ-ઉમરી થાના-રાયપુર તા-કરૈડા જી-ભિલવાડા રાજસ્થાનનાનો મળી આવેલ જેને સાથે રાખી ગોડાઉનમાં તપાસ કરતાં ભારતીય બનાવટના વિદેશીદારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી સીલબંધ બોટલ નંગ.૧૬૪૪ કિં.રૂ.૩,૨૧,૬૦૦/- ની મત્તાનો વિદેશીદારુનો જથ્થો મળી આવતા તપાસ અર્થે કબ્જે કરી ઉપરોકત વિદેશીદારૂનો જથ્થો લાવનાર વોન્ટેડ આરોપી ધનરાજ ચૈનારામ બુનકરનાઓ બંને વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ આરોપીનો કોરોના વાયરસ (કોવિડ-૧૯) નો રિપોર્ટ કરાવવાની તજવીજ કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૯૦૮/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ ક્લમ ૬૫(એ)(ઇ), ૬૬(બી), ૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૭/૧૦/૨૦૨૦

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-**

પો.સ.ઈ.જે.એસ.ચૌધરી તથા એ.એસ.આઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા એ.એસ.આઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા અ.હે.કો.કિશોરભાઈ ચંદુલાલ બ.નં.૮૩૩૨ તથા અ.પો.કો. દીપેનકુમાર મનુભાઈ બ.નં.૬૦૮૦ તથા અ.પો.કો.રામનરેશ રામદાસ બ.નં.૫૩૪૪ તથા અ.પો.કો.સહદેવસિંહ નટવરસીંહ બ.નં.૬૨૮૪ તથા અ.પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા અ.પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા અ.પો.કો.જગમાલભાઈ વાલાભાઈ બ.નં.૬૧૯૩ તથા બીજા સ્ટાફના માણસો



# પાસા અટકાયતીની વિગત

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશન  સંબંધી  પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " એફ " ડીવીઝન, અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન સંબંધી ગુનાઓની પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા સારુ ચુસ્તપણે સુચન કરેલ હોય તેમજ આવા બનાવોમા પકડાયેલ આરોપી વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે. ડી. જાડેજા નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં દારુ સંબંધી આરોપી નરેશ સ/ઓ આસુભાઈ ઉર્ફે અશોકભાઈ જાતે-મોદી ઉ.વ.૨૮ રહે.ધનલક્ષ્મીભવન પટેલવાસ બારડોલપુરા માધવપુરા અમદાવાદ શહેર મુળ વતન:ગામ-આમેટ તા.થાણા રાયપુર જી:ભીલવાડા રાજસ્થાનવિરુદ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૧૩૦/૨૦૨૦ તા.૨૭/૧૦/૨૦૨૦ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૨૭/૧૦/૨૦૨૦ ના કલાક:૨૨/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ, ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે .તા.૨૭/૧૦/૨૦૨૦

<u>આરોપીનું નામ:</u> નરેશ સ/ઓ આસુભાઈ ઉર્ફે અશોકભાઈ જાતે-મોદી ઉ.વ.૨૮ રહે.ધનલક્ષ્મીભવન પટેલવાસ બારડોલપુરા માધવપુરા અમદાવાદ શહેર મુળ વતન:ગામ-આમેટ તા.થાણા રાયપુર જી:ભીલવાડા રાજસ્થાન

<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:</u>

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વેલન્સ ટીમના માણસો

(૨) ASI વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮

(3) WLRD  નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૪) અ.હે.કો રવીન્દ્ર ગંગારામ

(૫) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ

(૬) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “ઇ” વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.એન.પરમાર ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી “જાહેર વ્યવસ્થા” વિરૂધ્ધના કૃત્યો કરતો હોય અને મિલ્કત સંબંધી ગુનાઓ કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૧૧૨૬/૨૦૨૦ તા-૨૬/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી અલ્તાફ ઉસ્માનભાઇ શેખ ઉ.વ.૨૧ રહે- મ.નં ૧૧,ગલી નં ૦૧, મંડલ ઓફીસની પાસે રામરહીમનો ટેકરો બહેરામપુરા અમદાવાદ શહેરનાઓને ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્ક્વોડના પો.સ.ઇ.વી.એન.શીંગરખીયા નાઓની સુચનાથી અ.પો.કો. યુવરાજસિંહ હન્દ્રપસિંહ  તથા અ.લો.ર. કુલદીપ ગોવિંદભાઇ નાઓ બાતમી હકિક્ત આધારે પકડી પાડતા સદરી ઇસમને આજ રોજ તા-૨૭/૧૦/૨૦૨૦ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપેલ છે. તા.૨૭/૧૦/૨૦૨૦



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૪૩ લીટર દેશી દારૂ, ૮૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૮૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૫૩/૨૦૨૦**

**ખોખરા** : નરેશભાઇ બાલચંદભાઇ મકવાણા (ઉ.વ.૪૧)(રહે.રેલવે કોલોની રેલવે દવાખાનાની બાજુમા ઝગડીયા બ્રીજના ઉતર પુર્વના છેડે ખોખરા) એ તા.૨૭/૧૦/૨૦૨૦ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૨૦૨૦ ના કલાક ૧૦/૦૦ થી તા.૨૭/૧૦/૨૦૨૦ સાંજના ૭/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી એક સોનાનુ લોકીટ કિંમત રૂપિયા ૨૯,૩૦૦/-, એક જોડી સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧૪,૭૦૦/-, એક સોનાની વીટી કિંમત રૂપિયા ૮,૫૭૦/-, એક જોડી ચાંદીના કડલા કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૭,૫૭૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**સેટેલાઇટ** : નીલેશભાઈ વિનોદભાઈ ઠક્કર (ઉ.વ.૩૮)(રહે.હસ એપાર્ટમેંટ કેન્યુગ સોસાયટીની સામે, શ્યામલ ચાર રસ્તા) એ તા.૨૭/૧૦/૨૦૨૦ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૦ બપોરના ૪/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૯૭,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૫૪/૨૦૨૦**

**દાણીલીમડા** : શાહીદ રજાકભાઈ મેમણ (રહે.કિર્તીકુંજ સોસાયટી, એફ.કોલોની સામે, શાહેઆલમ ટોલનાકા દાણીલીમડા) એ તા.૨૭/૧૦/૨૦૨૦ બપોરના ૩/૩૫ થી ૪/૧૦ વાગ્યા દરમ્યાન મણીનગર ચાર રસ્તા બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે આવેલ બેન્ક ઓફ બરોડાની બહાર રોડની ફુટપાથ ઉપર પાર્ક કરેલ પોતાની એક્ટીવાની ડેકીમાંથી અજાણી વ્યક્તિ રોકડ રૂપિયા ૩,૬૦,૦૦૦/-ચોરી કરી લઇ ગઇ છે.આ અંગેની ફરીયાદ શાહીદ મેમણ એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનુભાઇ હરજીવનદાસ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૫૫/૨૦૨૦**

**કાગડાપીઠ** : પ્રકાશભાઈ કાલીકાપ્રસાદ શ્રીવાસ્તવ (ઉ.વ.૩૨)(રહે.હિરાલાલની ચાલી, ગીતામંદીર પાછળ) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૦ બપોરના ૪/૧૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચહેરાભાઇ લક્ષ્મણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી